ગાંધીનગર સમાચાર

તા. ૧૧-૨-૨૦૧૨, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### રાજનગરનું સંસ્કારનગરમાં રૂપાંતર

અહર્નિશ રાજકીય દાવપેચમાં રાચતા પાટનગરને બદલે વિશિષ્ટ સંસ્કારનગરી તરીકેની ગાંધીનગરની નવી ઓળખ ઊભી કરવામાં અહીં વર્ષોથી કાર્યરત નગરશ્રેષ્ઠીઓની રચનાત્મક પ્રવૃત્તિઓનો ખૂબ મહત્ત્વનો ફાળો છે. અહીં વિવિધ વિદ્યાસંસ્થાઓ અને કલાસાહિત્ય સંસ્થાઓ કાર્યરત છે; મોહંમદ માંકડ, હરિકૃષ્ણ પાઠક, કેશુભાઈ દેસાઈ અને દોલત ભટ્ટ જેવા નામાંકિત સાહિત્યકારો વસે છે. દલિત સાહિત્યની પ્રતિષ્ઠિત કલમો ગાંધીનગરના ખોળે ઊછરી છે. ગુજરાત સાહિત્ય અકાદમીનું કાર્યાલય ગાંધીનગરમાં આવેલું હોઈ આખા રાજયની મોટા ભાગની પ્રવૃત્તિઓનું અહીંથી જ સમાયોજન થતું રહે છે. સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદ ત્રિવેદી પોતે કવિ એમના સંપાદન હેઠળ ‘શબ્દ સૃષ્ટિ’ જેવું માતબર સાહિત્યિક માસિક પ્રકાશિત થાય છે. ‘ગૂર્જર ભારતી’ સંસ્થાના પ્રમુખ ડૉ. મહાવીર સિંહ ચૌહાણ અને મંત્રી ડૉ. આલોક ગુપ્તાના પ્રયત્નોથી ગાંધીનગરને રાષ્ટ્રીય કક્ષાના ડૉ. નામવરસિંહ જેવા વિદ્વાનોનો લાભ મળતો રહે છે.

અહીં વિવિધ પ્રકારની કલા-સાહિત્ય પ્રવૃત્તિઓમાં કાર્યરત એવી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ ચાલે છે. જેમાં ગાંધીનગર કલ્ચરલ ફૉરમ, શિવરંજની ઉપરાંત નવી સાંસ્કૃતિક સંસ્થા, ‘સંસ્કૃતિ’નો સમાવેશ થાય છે. ‘સંસ્કૃતિ’ના પ્રમુખ શ્રી રમેશ પટેલ અને મંત્રીશ્રી મનોજ શુક્લ પરફૉર્મિંગ આર્ટ્સ ઉપરાંત સાહિત્યિક પરિસંવાદો યોજી ગાંધીનગરવાસી કલાપ્રેમીઓને અને નવી પેઢીના ઊગતાં કલાકારોને પ્રેરણાનું ભાથું પૂરૂં પાડી રહ્યાં છે. ગઈ કાલે ચૌધરી મહિલા કૉલેજ ખાતે ‘ધારાવાહિક નવલકથા’ પર યાદગાર પરિસંવાદ યોજાઈ ગયો જેમાં ઉદ્‌ઘાટક તરીકે ‘ગુજરાત સમાચાર’ના લોકપ્રિય કટાર લેખક જય વસાડવા અને ‘દિવ્ય ભાસ્કર’ના મેગેઝિન ઍડિટર મનીષ મહેતા ઉપરાંત પ્રખર સાહિત્ય સર્જકો ડૉ. કેશુભાઈ દેસાઈ, કાજલ-ઓઝા વૈદ્ય તથા મહેશ યાજ્ઞિક અને વિવેચનક્ષેત્રે કાઠું કાઢનારા ડૉ. નરેશ શુક્લ જેવા વિદ્વાનોએ રસપ્રદ વ્યાખ્યાનો આપી શ્રોતાઓને રળિયાત કરી મૂક્યા હતા. ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે આજ રોજ લોકસાહિત્ય પર પરિસંવાદ યોજાઈ રહ્યો છે.

નિવૃત્ત સચિવ શ્રી વસંત ગઢવી છેલ્લાં કેટલાંક વર્ષોથી ચારણી સાહિત્ય વિશે ઊંડા સંશોધનપૂર્ણ વ્યાખ્યાનો આપતાં રહ્યાં છે. જાણીતા સાંસ્કૃતિક સામયિક ‘અખંડ આનંદ’નું સંપાદન ગાંધીનગર વાસી કલામર્મજ્ઞ-નાટ્યવિદ્ શ્રી પ્રકાશ લાલા સંભાળે છે અને એમાં છપાતી કવિતાઓનું ચયન વર્ષોથી વરિષ્ઠ કવિ શ્રી હરિકૃષ્ણ પાઠક સંભાળે છે. છેલ્લે છેલ્લે સ્વ.નરેન્દ્ર દવે દ્વારા સ્થાપિત ‘ગુજરાત સાહિત્ય સંગમ’ નામની સંસ્થા પણ એના મહાસચિવ શ્રી નટવર હેડાઉ ‘વનવિહારી’ના પ્રયત્નોથી કાર્યરત થયેલ છે. થોડા દિવસ અગાઉ નગરના નિવૃત્ત અધિકારી શ્રી સુમંત શાહના બે કાવ્યસંગ્રહોનું વિમોચન આ સંસ્થાના નેજા હેઠળ જ યોજાયું હતું. ‘ગાંધીનગર સમાચાર’ અને ‘કલ્ચરણ ફૉરમ’ આવા પ્રત્યેક સર્જનાત્મક ઉપક્રમ સાથે સીધો કે આડકતરો વિધેયાત્મક અનુબંધ ધરાવે છે. આગામી તા. ૨૧ ફેબ્રુઆરીના દિવસે વિશ્વ માતૃભાષા દિવસની વિશિષ્ટ ઉજવણી થનાર છે, જેમાં સામેલ થવા ગાંધીનગર નિવાસી રસિક જનોને આગોતરૂં ઈજન પાઠવીએ છીએ.

## આજે એકાંકી વિનર્સ શૉ ભજવાશે

ગાંધીનગર, તા. ૧૦

‘સંસ્કૃતિ’ સંસ્થા ગાંધીનગર, આઈ.સી.સી.આર. અમદાવાદ, ગુજરાત સમાચાર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આજે તા. ૧૧મી ફેબ્રુઆરી-૨૦૧૩ને સોમવારે રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે એકાંકી નાટ્ય સ્પર્ધાનો વિનર્સ શૉ યોજાશે.

સંસ્કૃતિ સંસ્થા ગાંધીનગરના પ્રમુખ રમેશભાઈ પટેલે જણાવ્યું છે કે, આજે ટાઉનહોલ ખાતે એસ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ કોમર્સ, અમદાવાદનું ‘તું લડતી રહેજે અનામિકા,’ યુ.પી.આર્ટસ, શ્રીમતી એમ.જી. પંચાલ સાયન્સ અને વી.એલ. શાહ કોમર્સ કોલેજ, પીલવાઈનું ‘ચાલને આપણે પરણી જઈએ’ તથા એમ.જી. સાયન્સ ઈન્સ્ટીટ્યૂટ અમદાવાદનું ‘અંત’ નાટક ભજવાશે. ‘ગુજરાત સમાચાર’ અમદાવાદના મેનેજીંગ તંત્રી શ્રેયાંશ શાહે નવી પેઢીના તેજસ્વી કલાકારોને પ્રોત્સાહિત કરવા ખાસ જણાવ્યું છે.





સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સેમિનાર હોલમાં ગત રોજ કરાટે બ્લેક બેલ્ટ એવોર્ડ સમારોહ યોજાયો હતો. જેમાં ૮ બાળકોને બ્લેક બેલ્ટની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. તેમાં ધ્રુવી દેસાઈ, કાજી દસ્તગીર અહેમદ, સ્વપ્રીલ પારેખ, કૌશલ સોની, વિભુતી વાળા, સોહમ ભટ્ટ, દિશાંત સોલંકી, યુગ પારેખને મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી શ્રી કૃષ્ણકાન્ત જહાએ શિલ્ડ, પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. આ પ્રસંગે વલ્લભભાઈ પટેલ, ડી.ટી. કાપડીયા, સોમભાઈ પટેલ, દિનાબેન ડોડીયા, કરાટે કોચ સેલવાકુમાર સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

## આદિજાતિ વિકાસ દ્વારા શિક્ષા સહાયકનું પ્રશ્નપત્ર અઘરું નિકળ્યાનો રોષ

ગાંધીનગર, તા.૧૦

આદિજાતિ વિકાસ દ્વારા ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ, પીટીસી, બી.એડ. ઉમેદવારો માટે આજે શિક્ષા સહાયક અને પર્યવેક્ષકની પરીક્ષા યોજાઈ હતી. નગરની શાળાઓમાં સવારથી જ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પરીક્ષામાં પાસ થઈ નોકરીએ લાગવાની આશાઓ સાથે પરીક્ષામાં જોડાયા હતા.

શિક્ષા સહયોગી અને પર્યવેક્ષકની અલગ અલગ પરીક્ષા આજે યોજાઈ હતી. સમગ્ર રાજયમાંથી લાખો ઉમેદવારો આ પરીક્ષામાં જોડાયા હતા. પરીક્ષામાં એક કલાકમાં ૯૦ જેટલા પ્રશ્નો લખવાના હતા. જે ઓબ્જેકટીવ હતા.

પ્રશ્નપત્રની ખાસીયત એ હતી કે તેમાં માઈનસ ગુણાંકન થવાનું છે. એક પ્રશ્નનો ખોટો જવાબ હોય તો એક ગુણ માઈનસ થાય તેવી પધ્ધતિ હોવાથી આ પરીક્ષાનું મેરિટ ખૂબ નીચું જાય તેવું સૌ વિદ્યાર્થીઓ જણાવી રહ્યા હતા. સામાન્ય જ્ઞાન અને અંગ્રેજીના ૪૫-૪૫ ગુણના પ્રશ્નોમાં બંને વિભાગમાંથી ૨૦-૨૦ ગુણ આવે તો જ પરીક્ષાર્થી પાસ ગણાય.

શિક્ષા સહાયક પરીક્ષામાં મોટી સંખ્યામાં ઉમેદવારો જોડાયા હતા અને પ્રશ્નપત્ર અઘરું હોવાની ફરિયાદ કરતા હતાં. આદિજાતિ વિકાસ દ્વારા પ્રશ્નપત્રનું અગાઉ કોઈ ચોકકસ માળખું આપ્યું ન હોવાની પણ કેટલાક ફરિયાદ કરતા હતા તથા કેટલાક ઉમેદવારો ખુબ જ અઘરું પ્રશ્નપત્ર હોવાથી નિરાશા અનુભવી રહ્યા હતા.

## મહિલા જયોતિમય, ચેતનાયમ, શકિતમય છે : જય વસાવડા





ગાંધીનગર, તા.૧૦

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સતત બીજા વર્ષે મહિલા સશકિતકરણ અંતર્ગત શકિત-૨૦૧૩ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આજે સવારે ૧૧ કલાકે ટાઉનહોલ ખાતે જય વસાવડાએ મહિલા શકિત વિષે વકતવ્ય આપ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે આજેસવારે ‘શકિત’ ૨૦૧૩ કાર્યક્રમ અંતર્ગત જય વસાવડા એ જણાવ્યું હતું કે આજના આધુનિક જમાનામાં નારીશકિત મોબાઈલ, ટીવી ઈન્ટરનેટ દ્વારા દેશ દુનિયામાં શું ચાલી રહ્યું છે તેમજ સમાચારોની આપ-લે આધુનિક ટેકનોલોજી દ્વારા કરી જાણકારી મેળવી અપડેટ થતી રહે છે તેમજ ઈન્ટરનેટના માધ્યમથી જોડાઈને વધુ મુકત બની પોતાના વિચારો રજુ કરી શકે છે. વધુમાં તેમણે પુરુષો દ્વારા સ્ત્રી ઉપર દબાણ કરી સમાજના ખોટા રિતરિવાજો ઉભા કરવામાં આવે છે તેના વિશે વિસ્તૃત વાત કરી હતી. તેમજ તેમણે જણાવેલ કે પુરુષો કરતા સ્ત્રીઓમાં માનસિક ક્ષમતા વધુ હોય છે. ઘરનો મોભી પુરુષ હોય છે તો સ્ત્રી ગરદન હોય છે. ચેતનામય, શકિતમય, જયોતિમય, સ્ત્રી શકિત છે તેનું ગૃહ લક્ષ્મી તરીકે પૂજન થવું જોઈએ અને સ્ત્રી પોતાનાથી જ ડરે છે તેમ કહી સ્ત્રીઓને તાકાતવાન બનવા, સુંદર બનવા, શરમાળ નહિ બનવા અને આત્મનિર્ભર બની સ્વાતંત્ર્ય સાત્વિકતાની વાત કરી હતી. સ્ત્રીના અનેક રૂપ હોય છે. જેમ કે દિકરી, મા, બહેન, પત્ની, ભાભી દરેક સંબંધ સ્ત્રી સરખાભાવે નિભાવે છે. પુરુષ સમોવડી સ્ત્રી જગતના દરેક ક્ષેત્રમાં આગળ છે.

## એસ.જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાથમિક શાળામાં દાકતરી તપાસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

કડી સર્વ વિદ્યાલય સંકુલની એસ.જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટેની દાકતરી તપાસનો કાર્યક્રમ તાજેતરમાં શાળામાં યોજાયો હતો. શાળામાં તજજ્ઞ ડોકટર, નર્સ દ્વારા વિદ્યાર્થીના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી.

એ.જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાથમિક શાળાના દરેક ધોરણના વિદ્યાર્થીઓના આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત ડોકટર દ્વારા વિદ્યાર્થીઓની આંખોની તપાસ, વજન, ઊંચાઈ, પેટની તપાસ, નાની-મોટી બિમારી અંગેની તપાસ કરવામાં આવી હતી. શાળાના સમગ્ર વિદ્યાર્થીઓની રૂબરૂ તપાસમાં જાણવા મળ્યું હતું કે, કેટલાક વિદ્યાર્થીઓ આંખોની ખામી જેમ કે દૂરનું ઓછું દેખાવું જેવી તકલીફ અનુભવતા હતા. મોટા ભાગે વિદ્યાર્થીઓ તંદુરસ્ત જણાયા હતા.

● અનુસંધાન પાના-૭ પર

## આવો અંગ્રેજી શીખીએ

- ચેતના બુચ

**ADVERBS** (ક્રિયા વિશેષણો)

મિત્રો, આપણે છેલ્લા થોડા વખતથી વ્યાકરણમાં જુદાં જુદાં અંગોનો અભ્યાસ કરીએ છીએ. આજે આવું જ એક જરૂરી વ્યાકરણનું અંગ **Adverbs** નો અભ્યાસ કરીશું.

- જે શબ્દ ક્રિયાના અર્થમાં વધારો કરે તેને ક્રિયા વિશેષણ કહે છે.

**I Walk** આ વાક્યમાં ચાલવાની ક્રિયા થાય છે, પરંતુ તે ક્રિયા કેવી રીતે થઈ તે દર્શાવવા જે શબ્દ ઉમેરીએ તે ક્રિયાના અર્થમાં વધારો કરનાર છે. તેવા શબ્દને ક્રિયા વિશેષણ કહેવાય.

**I Walk quickly.**

**He sang a song Sweetly.**

ઉપરના વાકયોમાં **quickly, sweetly, loudly** એ ક્રિયા વિશેષણો છે. તેને **adverbs of manner** પણ કહેવાય.

**• Kinds of Adverbs :**

**(1) Adverbs of Manner** (રીત બતાવનાર)

**e.g : - The Soldiers Fought bravely.**

**- Read carfully.**

આ ક્રિયા વિશેષણો ક્રિયાની રીત બતાવે છે કેવી રીતે ક્રિયા થાય છે માટે તેને **adverbs of manner** કહેવાય.

**(2) Adverbs of place** (સ્થાન બતાવનાર)

**e.g : down, up, everywhere, near, hear, thare etc.**

**e.g : - Don't go there.**

**- The place went up.**

**- come here.**

ઉપરોકત ક્રિયા વિશેષણો સ્થાન બતાવે છે.

**(3) Adverbs of Time** (સમય બતાવનાર)

**e.g : now, still, then, today, soon, etc.**

**e.g : - She is talking now.**

**- Rekha is still working.**

**- She sang the song then.**

ઉપરોક્ત વાકયોમાં **now, still, then** વગેરે, **Adverbs of Time** કહેવાય.

**(4) Adverb of Frequency** (ક્રિયાની પુનઃ ક્રિયા બતાવનાર)

**e.g : twice, thrice, never, always etc.**

**e.g : - I have naver seen him.**

**- He always comes.**

**- We often play Hockey.**

ઉપરોક્ત વાક્યોમાં **never, intime, often** વગેરે **Adverb of Frequency** કહેવાય.

**● મિત્રો પરિચયાત્મક શબ્દોના વિભાગમાં આજે સમય (Time) વિષયના નવા શબ્દોનો પરિચય મેળવીએ.**

**Twiligh** - ટ્વીલાઈટ - સંધ્યા
**Proxomo** - પ્રોક્સિમો - આવતો માસ
**Ultimo** - અલ્ટિમો - ગયો માસ
**Dark** - ડાર્ક - કૃષ્ણ પક્ષ
**Illuminate** - ઈલ્યુમીનેટ - શુક્લ પક્ષ

## દિકરીએ કહ્યું ‘બાપા! તમે મને એક ભવમાં બીજો ભવ કરાવશો? હું ઘર માંડીશ તો આ જ ઘરવાળાનું...બાકી બીજા મારા માટે ભાઈ અને બાપ સમાન...’

### સમાજ સિંચન

- પોપટલાલ એસ પ્રજાપતિ

ગાંધીનગરના ગોદરે એક ગામડામાં એકલા રહેતા શારદાબેન ૭૬ વર્ષની મર્યાદા વટાવી ચુક્યા છે. આજથી ૬૯ વર્ષ પહેલાં એટલે કે, તેઓ સાત વર્ષના હતા ત્યારે બાળવયે જ એમના લગ્ન થયેલા. લગ્ન એટલે શું? દામ્પત્ય જીવન કોને કહેવાય તેની સામાન્ય સમજણ નહિ ધરાવતા શારદાબેન પ્રભુતામાં પગલાં પાડી બેઠાં. ત્યારે તો ફક્ત વડીલોનાં વચન પર જ સંબંધો નક્કી થતાં અને આવા સંબંધો નભતાં પણ ખરાં. છુટછેડાના પ્રશ્નો જવલ્લે જ ઉભા થતા અને થાય તો સમાજનું પંચ ન્યાય તોળે તે માન્ય રહેતો સમજણ વધતી ગઈ ભણતરનો ભાર વધ્યો અને અધિકારો તેમજ હક્કોની માંગણી થવા લાગી. પુરુષ સમોવડી થવાની લાલસા જાગી અને દામ્પત્ય જીવનનો કચ્ચરઘાણ નીકળતો ગયો. આમ કહેવામાં કદાચ અતિશયોક્તિ લાગે પણ આ કડવી વાસ્તવિકતા છે. શારદાબેનના સાતમા વર્ષે લગ્ન થયા પણ તેમના દામ્પત્ય જીવનનો વિધિવત પ્રારંભ થયો. પંદર વર્ષે. આ વર્ષે તેઓ પ્રથમવાર સાસરે આવ્યા ઉંચા અરમાનો અને સોનેરી સપના લઈને. આમ તો દામ્પત્ય જીવનના પ્રથમ એક બે વર્ષ કલ્પનાની ઉડાનમાં જ પુરા થાય છે. પણ સ્વપ્ન મહેલનો પાયો ખોદવાની શરૂઆત થાય છે ત્યાં જ સમસ્યાઓ શરૂ થયા છે.

ચણતરકામમાં સિમેન્ટ અને રેતીનું પ્રમાણ બરાબર જળવાય છે કે કેમ? દિવાલોનું ચણતર ઓળંગે થાય છે કે કેમ? પ્લાસ્ટરમાં પાણી બરોબર છંટાય છે કેમ? આ બધામાં બેદરકારી જળવાય તો મકાનમાં તિકારોડ પડવા લાગે છે અને થાગડ થીગડ શરૂ થઈ જાય છે. દામ્પત્ય જીવનના પાયામાં પણ સ્નેહ અને સમર્પણ. ત્યાગ અને સહનશીલતાનું પ્રમાણ જળવાય નહી તો સંબંધોમાં તિરાડ પડવા લાગે છે. શારદાબેન અને પતિ શંકરભાઈના દામ્પત્ય જીવનમાં ક્યારે તિરાડો પડવા લાગી તે બંનેમાંથી કોઈ જાણી શક્યું નહિ. બંને વચ્ચે તૂ તૂ મૈં મૈંનો દોર ચાલ્યો અને મનદુઃખ વધતા ગયા.

શંકરભાઈએ કમાવા માટે બીજા સ્ટેટમાં જવાનું નક્કી કર્યું. લાંબા સમય સુધી પતિથી અલગ રહ્યા બાદ શારદાબેન સતત પતિના સહવાસની ઝંખના કરતા ગયા. પણ પતિદેવની દુનિયા નિરાલી હતી. તેમને હવે ભક્તિનો નાદ લાગ્યો. તેમના કંઠ સુંદર હતો. ભક્તિના રંગે રંગાઈ ભજનમાં તેઓ ગડાડુબ રહેવા લાગ્યા. સારા ભજનકાર તરીકે તેમની ગણના થવા લાગી. શંકરલાલ ભગતના નામે તેમની ઓળખ ઉભી થઈ. પ્રશંસકોની ભીડમાં ભગત ભેરવાયા. સંસાર વિસારે પડવા લાગ્યો. અને હવે તો ભગતને લોકો બાપુ કહીને બોલાવતા થયા. ભક્તિનો નાદ જેને લાગે તેને સંસાર અસર લાગવા માંડે છે. બાપુ પણ ભક્તિરસમાં તરબોળ બન્યા. અને એક દિવસ સંસારનો ત્યાગ કરી તેમણે ભગવા ધારણ કરી દીધા અને ગામના એક મંદિરમાં પુજારી થઈ આસન જમાવી દીધું. શારદાબેનના માથે જાણે આભ તુટી પડ્યું. સંસારને માણવાના દિવસો હતા ત્યાં જ ભગવા રંગે ભંગ પડ્યો... મંજિરાનો તાલ અને તંબુરાનો નાદ શારદાબેનના માથે જાણે ભંગ પાડ્યો... મંજીરાનો તાલ અને તંબુરાનો નાદ શારદાબેન માટે વેરી બન્યા અને છતાં આ પતિપરાયણ પત્નિએ કરમનો દોષ ગણી પતિના પગલાને અનુમોદન આપ્યું. જરાય વિરોધ ન કર્યો. પતિના પગલે ચાલવામાં ધર્મ માન્યો. સપ્તપતિના ફેરાની જેમ... પતિની સતત અવગણના... અપમાન જનક વ્યવહાર અને છતાં શારદાબેનને પતિ પ્રત્યેના લગાવમાં જરાય ઓટ નહોતી. તેમણે નક્કી કર્યું કે ભગવાન જે રીતે રાખશે તેમ રહીશ પણ પતિનો સાથ નહી છોડું.

તેમણે સાસરે જ ભગતથી અલગ રહી જાત મહેનત કરી પોતાનું જીવન નિર્વાહ કરવાનું નક્કી કર્યું. બે પાંચ વર્ષ આમ કષ્ટમય જીવન ગુજારી ભગતનું નામ વગોવાય નહી તે માટે તેઓ પિયરમાં આવી માતા-પિતાની સાથે રહેવા લાગ્યા. તે વખતે તેમની ઉંમર ફક્ત ૩૭ વર્ષની હતી. પિતાને કહ્યું બાપા, મને તમારો દિકરો ગણજો. હું દિકરો થઈ તમારી સેવા ચાકરી કરીશ. શારદાબેનને એક પણ ભાઈ નહોતો. માતા -પિતાને દિકરી ભારે પડે તેમ નહોતી પણ પોતાની નજર સમક્ષ દિકરીના નંદવાતા સંસારને કયા મા-બાપ જોઈ શકે? દિકરીની વેદના જોઈ પિતા છાને છપને ખુણામાં આંસુ સારી લેતાં. એકવાર પિતાએ છાતી પર પત્થર મુકી દિકરીને પૂછી નાંખ્યું કે, ‘ બેટા, તારી સેવા ચાકરીથી અમે પ્રસન્ન છીએ, પણ અમે હવે ખર્યું પાન, દિકરીનો પિયરમાં જનમારો ન જાય. તારું આયખું કેમ કરીને પૂરું થશે? માટે બેટા, તારા છુટાછેડા કરાવી તને બીજે વળાવીયે તો કેવું?’ અને આ સાંભળી શારદાબેન સમસમી ગયા. રડતી આંખે બોલ્યા, બાપા એશું બોલ્યા? તમે મને આ ભવે બીજો ભવ કરાવવા માગો છો? હું ઘર માંડીશ તો આ જ ઘરવાળાનું બાકી બીજા મારા ભાઈને બાપ સમાન... અને પછી પિતાએ ફરી કયારેય દિકરી આગળ આ વાતનો ઉલ્લેખ કર્યો નહીં. સમાજના કેટલાક ખેરખાંઓ એ શારદાબેનને એવી પણ સલાહ આપી કે દહેજ ધારાની કલમ લગાડો, ખાધા ખોરાકીનો કેસ માંડો અને જમાઈને ફીટ કરાવી દો. પણ શારદાબેને તેમને પણ પરખાવ્યું, મારા પતિએ ભગવો ભેખ ધારણ કર્યો છે. ભગવી ચીંથરીની ફજેતી કરીને મારે કયા ભવે છુટવું? બસ, સૌની જબાન સિવાઈ ગઈ. ફરી કયારેય આવી વાત કરવાની કોઈએ હિંમત ન કરી.. સમય એની ગતિએ આગળ વધી રહ્યો હતો... શારદાબેનના માતા અને પિતાએ વારાફરતી દેહ ત્યાગ કર્યો. અને શારદાબેન એકલા પડ્યા. છતાં હિંમત હાર્યા નહીં.

તેઓ સૌને કહેતા હું બિચારી બાપડી નથી મારા પતિ હજુ હયાત છે. આ તો ભગવાન મારી કસોટી કરી રહ્યો છે. આ અભણ બાઈએ સ્કુલના દરવાજે કદી પગ નહોતો મુક્યો પણ એટલી સમજણ હતી કે અગ્નિની સાક્ષીએ ફરેલા ફેરા અને લેવાયેલી પત્નિ ધર્મની પ્રતિજ્ઞાનું મારે આજીવન રખોપું કરવાનું છે. એક દિવસ સ્નાન કરતાં બાથરૂમમાં શારદાબેનનો પગ લપસ્યો. પહે ફેકચર થયું પછી તો લાકડીના ટેકે જ ચાલી શકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું. છ મહિના પથારી વશ રહ્યા પણ આડોશી પાડોશીએ ભેગા મળી તેમની સેવા ચાકરી કરી... લાકડીના ટેકે ચાલતા શારદાબેનના હૈયામાંથી હજુ ભગતનું નામ હટતું નથી. ભગતની તબિયત બગડ્યાના સમાચાર મળે કે તરત રીક્ષા કરીને દોડી જાય. તેમની સેવા ચાકરી કરવા. પતિ પરાયણ પત્નિનું આનાથી વધુ જવલંત ઉદાહરણ બીજે ક્યાં મળે? આ કટરા લેખકે તેમની મુલાકાત લેતાં સજળ નયને તેમણે કહેલું કે,‘ જ્યાં સુધી આ ખોળીયામાં પ્રાણ છે ત્યાં સુધી સાજે માંદે ભગતની સેવા કરીશ. મારો ધર્મ હું નહી ચુકું..’ ઉપરોક્ત સત્ય ઘટનાના પાત્રો શારદાબેન અને શંકરભાઈના નામે કાલ્પનિક છે. આ સત્યઘટના પાણીથી અડધા ભરેલા ગ્લાસ જેવી છે સંસ્કૃતિના રખેવાળોને ગ્લાસ અડધો ભરેલો લાગશે. સમાજ સુધારકોને અડધો ખાલી. શારદાબેનનો અભિગમ સંસ્કૃતિનું જતન કહેવાય કે નારીના હક્કોનું પતન.. તુંડે તુંડે મતિર્ભિન્ના...